ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# એપ્રિલના અંતમાં ચૂંટણીની જાહેરાતની સંભાવના

**રાજકીય ગતિવિધિઓ અને વહીવટી ગતિવિધિઓ છેલ્લા કેટલાક દિવસોથી એકાએક વધી ગઈ છે : ચૂંટણી પંચે ચૂંટણીની કામગીરી માટે સ્ટાફની વિગતો માંગી**

ગાંધીનગર, તા. ૨૦


કોઈ કહે કે ન કહે પરંતુ ગુજરાતમાં ચૂંટણીની ગતિવિધિઓ વધી ગઈ છે. ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે તે દેખાઈ રહ્યું છે. મહાનુભાવોની વધતી અવરજવર વચ્ચે રાજકીય ગતિવિધિઓ તો વધી જ છે સાથે જ ચૂંટણીપંચે પણ ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે સ્ટાફની માહિતી માંગી છે. એપ્રિલ માસના અંતમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ શકે છે.

આ વર્ષ ચૂંટણીનું છે. ડિસેમ્બર માસમાં ચૂંટણીઓનો નિર્ધારીત સમય છે પરંતુ અત્યારથી જે જે પ્રકારે રાજકીય અને વહીવટી ગતિવિધિ વધી છે તે જોઈને વહેલી ચૂંટણીની સંભાવનાઓ વધતી જાય છે.

રાજકીય ગતિવિધિઓ તો છેલ્લા દોઢ-બે માસમાં ખુબ વધી ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હમણાં હમણાં બે વખત ગુજરાતના પ્રવાસે આવી ચૂક્યા છે. હમણાં જ યોજાયેલા ત્રણ દિવસના તેઓના પ્રવાસ દરમ્યાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રની વિશાળ જનતાને તેઓએ સંબોધન કર્યુ હતુ. રોડ શૉ દ્વારા ચૂંટણીના બ્યુગલ વગાડવાનો પ્રયાસ થયો છે. ગુજરાત ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી ચૂક્યા છે. તેઓએ આવતાની સાથે જ બધા જ મોરચાના હોદ્દેદારો સાથે બેઠકો યોજવાનો પ્રારંભ કરી દીધો છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે વનડે વન ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ શરૂ કરી એક એક જિલ્લાના કાર્યકરો અને રાજકીય આગેવાનોને મળવાનુ શરૂ કરી દીધુ છે.

ગુજરાત તો છેલ્લા ઘણા સમયથી એક્શન મોડમાં આવી ચૂકી છે. ૨૩ હજાર કરોડના વિકાસ કાર્યો શરૂ કરાયા છે. હવે સરકાર થોડાક જ દિવસોમાં સરકાર આપને દ્વાર અભિયાન શરૂ કરી રહી છે. આ અભિયાન મારફતે લોકોને ઉપયોગી હોય તેવી ૨૪ યોજનાઓની વિગતો આપવા અધિકારીઓ ઘર ઘર સુધી પહોંચશે.

રાજકીય ગતિવિધિઓની સાથોસાથ વહીવટી ગતિવિધિઓ વધી છે. ચૂંટણી પંચે ચૂંટણીના કાર્યમાં ઉપયોગમાં આવી શકે તેવા સરકારી કર્મચારીઓ-અધિકારીઓની વિગતો, ગ્રાન્ટેડ શાળા-કોલેજોના સ્ટાફની વિગતો તથા અન્ય કર્મચારીઓની વિગતો સરકાર પાસે તાત્કાલિક માંગી છે. ડેટાબેઝ તૈયાર કરવા માટે ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરી છે. જે પ્રકારે રાજકીય અને વહીવટી ગતિવિધિઓ વધી છે જે જોતા એપ્રિલના અંતમાં ચૂંટણી જાહેર થઈ શકે છે.




વૈશ્વિક નેતાઓ સાથે વાતચીત - ગાંધીનગરમાં આજે વિદેશી મહેમાનોની ઝાકમઝોળ હતી... આયુષ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં વિશ્વ આરોગ્ય સંગઠનના વડા ડૉ. ટેડ્રોસ આધનોમ અને મલેશિયાના પ્રધાનમંત્રી પ્રવીન્દ જુગનૌથ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝીણવટભરી વાતો કરી હતી... ભારતીય સંસ્કૃતિનો ખજાનો સમા આયુર્વેદિકની વિગતોની બંને નેતાઓની સાથે આપ-લે કરી હતી... ત્રણ દિવસ ચાલનાર સેમિનારમાં દેશ-વિદેશથી આયુર્વેદિક તજજ્ઞો પધાર્યા છે...

# મનપાની આજે સામાન્ય સભા

**પાર્કિંગ પોલીસી, નવા પાણી કનેક્શન અંગેની નીતિ નામ ટ્રાન્સફર ફીના દર લાગુ કરવાની દરખાસ્તો રજુ કરાશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સામાન્ય સભા બપોરે ૧૨ વાગે મનપાની સભાખંડમાં મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર મનપાની રચના થયાના એક દસકમાં આજની સામાન્ય સભામાં સૌથી વધુ મુદ્દા તેના એજન્ડામાં સમાવવામાં આવ્યા છે. ૧૬ જેટલા મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચાઓ કરી અને મંજૂરી આપવામાં આવશે.

આ બેઠકમાં મિલ્કત ટ્રાન્સફરની અરજીઓમાં ટ્રાન્સફર ફી દાખલ કરવા, પકડાયેલા પશુઓના દંડમાં વધારો કરવા, પાર્કિંગ પોલિસી, નવા વિસ્તારોમાં વૉટર કનેક્શન આપવાની નીતિ તેમજ ભરતીના નિયમોને મંજૂરી આપવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

મનપામાં ભાજપની સત્તા આવ્યા પછી સભ્યોને તેમના વિચારો વ્યક્ત કરવા પર મનાઈ ફરમાવવામાં આવી છે એટલે સામાન્ય સભા ઝડપથી પુરી થશે તેમ મનાઈ રહ્યુ છે.

સ્થાયી સમિતિએ અગાઉ મંજૂરી આપી દીધી છે અને માત્ર ઔપચારિકતા જ સામાન્ય સભામાં પૂર્ણ કરવામાં આવશે તેમ મનપાના રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

આજની સામાન્ય સભામાં વહીવટી કામો વધુ દર્શાવવાયા છે પણ શહેરના પ્રશ્નો અંગેનો એક પણ મુદ્દો એજન્ડામાં ન હોવાથી લાંબો એજન્ડા હોવા છતાં સભ્યોમાં બહુ ઉત્સાહનો માહોલ જોવા મળતો નથી. બીજી તરફ પરીક્ષાનો માહોલ અને ગરમીનો પ્રકોપ હોવાથી સભ્યો પણ વહેલા જવાની ઉતાવળમાં વધુ જણાશે.

# ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટો : વાદળોના ઘેરાવ વચ્ચે આકાશી નઝારો બદલાયો

**ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર આવી ગયો મહત્તમ તાપમાન ૨ ડીગ્રી નીચે આવ્યુ : બપોર બાદ આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા પવનના સુસવાટા સાથે ઘુળની ડમરીઓ ઉડતા મોસમનો મિજાજ બદલાયો**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો મિજાજ આકરો છે. મહત્તમ તાપમાન પણ સતત ૪૧ ડીગ્રીની ઉપર રહેતા શહેરીજનો અંગ દઝાડતી ગરમી અનુભવી રહ્યા છે. જયારે આજે અચાનક જ બપોરના સમયે મોસમનો મિજાજ બદલાયો હતો. ગરમીનો પારો છેલ્લા કેટલાક દિવસોથી ૪૨ ડીગ્રીની નજીક હોવાના લીધે નગરજનો અંગ દઝાડતી ગરમીથી બેચેન બની ગયા છે. જયારે આજે બપોરે અચાનક જ સુસવાટા મારતા પવન સાથે આકાશમાં વાદળો ઘેરાઈ આવતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. આજે મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીની અંદર આવી ગયુ હતુ.

ગાંધીનગરમાં ગરમીનો પારો છેલ્લા ઘણાં દિવસોથી ૪૦ ડીગ્રીની ઉપર રહે છે. આકરી ગરમીએ સૌને બેબાકળા કરી દીધા છે. આ વર્ષે ગરમીની સિઝનની શરૂઆતથી જ રેકર્ડબ્રેક ગરમી નોંધાઈ રહી છે. જયારે અત્યાર સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક નોંધાયુ છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે પણ સતત ગરમીનુ જોર યથાવત જોવા મળી રહ્યુ છે. માર્ચ મહીનાની શરૂઆતથી જ આકરી ગરમીનુ મોજુ ફરી વળતા માર્ચમાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને અડી ગયો હતો જયારે એપ્રિલ પ્રારંભથી જ રેકર્ડ બ્રેક ગરમીના લીધે નગરજનો અંગ દઝાડતા તાપ વચ્ચે અસહ્ય હીટવેવનો શિકાર બની રહ્યા છે. મહત્તમ તાપમાનમાં સતત ચઢ ઉતર જોવા મળે છે. પરંતુ ગરમીનો પારો ૪૦ ડીગ્રીથી નીચે જતો નથી જયારે લઘુત્તમ તાપમાન પણ બદલાતુ રહે છે. છેલ્લા કેટલાક દિવસથી રાત્રિના તાપમાનમાં પણ સતત ફેરફાર થતો જોવા મળે છે. મહત્તમ તાપમાનમાં પણ એકાદ ડીગ્રીના તફાવત સાથે લઘુત્તમ તાપમાનમાં પણ દર બે ત્રણ દિવસે ૨ થી ૩ ડીગ્રીનો તફાવત જોવા મળે છે. છેલ્લા કેટલાક દિવસોથી આક્રમક બનતી ગરમીએ નગરજનોને બાનમાં લીધા છે. ગરમીથી બચવા શહેરીજનો ઘરની બહાર જવાનુ પણ પસંદ કરતા નથી. જયારે આકરી ગરમી વચ્ચે આજે શહેરના વાતાવરણમાં અચાકન જ પલ્ટો જોવા મળ્યો હતો. બપોરના સમયે વાદળિયુ વાતાવરણ છવાઈ ગયુ હતુ. આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## વાતાવરણમાં પલ્ટો : આજે કમોસમી વરસાદની શક્યતાને પગલે ખેડૂતોમાં ચિંતા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે બપોર પછી તાપમાનમાં જે બદલાવ આવ્યો છે તેને લઈ ખેડૂતોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે જિલ્લામાં છુટા છવાયા સ્થાનો પર હળવો વરસાદ થવાની આગાહી કરી છે. આજે તાપમાનનો પારો પણ ૨ ડિગ્રી ઘટીને ૩૯ સુધી પહોંચી ગયો છે.

સાંજથી શહેર-જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ અને ઠંડા પવનના સુસવાટાઓ શરૂ થતાં ઉનાળુ બાજરી, તલના પાકને નુકશાન થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. વરસાદ થશે તો અને પવનની ગતિ વધે તો આ નુકશાન થઈ શકે છે. બીજી તરફ વેલાવાળા શાકભાજીના પાકોને પણ નુકશાન થવાનો ભય રહેલો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે વરસાદની સાથે પવન પણ ફૂંકાવવાની શક્યતા છે. પવનની સરેરાશ ગતિ ૧૭ કિ.મી. પ્રતિ કલાકની આસપાસ રહેવાની શક્યતા હોવાથી પાક પડી જતો અટકાવવા પવન સામે રક્ષણ માટે ટેકો આપવાની સલાહ પણ આપવામાં આવી છે. ખેતીવાડી ખાતાએ પણ તેના તંત્રને એલર્ટ મોડ પર મુકી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે. ખેડૂતોને ઓછુ નુકશાન થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવા આજથી જ ખેડૂતો સાથે ગ્રામસેવકો દ્વારા બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## કુડાસણનો યુવાન દિલ્હી જઈ આવતાં કોરોનામાં ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં બે દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ સતત ત્રીજા દિવસે પણ નોંધાયો નથી.

મળતી વિગતો પ્રમાણે કુડાસણમાં એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ યુવાન ધંધાર્થે દિલ્હી ગયો હતો અને ૧૮મીએ જ પરત આવેલ છે. તેને તાવ અને અન્ય તકલીફો જણાતાં ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. છુટાછવાયા જે કેસો મળી રહ્યા છે તેમાં મોટા ભાગના દર્દીઓએ રાજય બહારનો પ્રવાસ વધુ લોકોએ કરેલું બહાર આવવા પામ્યું છે.શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાએ પહોંચ્યો છે અને હાલ ૧૦ જેટલા દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવા અને લોકોને બેદરકારી ન દાખવવા જણાવ્યું છે.

# સેકટરોમાં દાયકાઓ પુર્વે નિર્માણ કરાયેલી માઈક્રોશોપિંગની ૧૭૨ દુકાનો ઉપયોગના અભાવે ખંડેર બની

**દુકાનો ફાળવવા માટે પુન : ડ્રો કરી લાભાર્થીઓને આપવા પણ અનેકવાર રજુઆત છતા કોઇ પગલા લેવાતા નથી**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના સેકટરોમાં નિર્માણ કરાયેલી માઈક્રોશોપિંગની દુકાનો છેલ્લા ઘણાં સમયથી બિન ઉપયોગી હાલતમાં ખંડેર બનતી જાય છે. માઈક્રોશોપિંગની અંદાજે ૧૭૨ દુકાનો લાંબા સમયથી કબજાના અભાવે બિન ઉપયોગી પુરવાર થઈ હોવાછતા તંત્ર કક્ષાએ અત્યાર સુધી અન્ય લાભાર્થીઓને દુકાનો ફાળવવા માટે કોઈ પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. જેના લીધે નાના વેપારીઓમાં પણ પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. આ મામલે અગાઉ અનેકવાર રજુઆત કરવામાં આવી છે છતા કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવતી નથી.

ગાંધીનગરના સેકટરોમાં નાના વેપારીઓને રોજગારી મળે અલબત્ત વેપાર ધંધાનુ પ્લેટફોર્મ મળી રહે તે માટે દાયકાઓ પુર્વે માઈક્રોશોપિંગની દુકાનો બાંધી ડ્રો મારફતે વેપારીઓને ફાળવવામાં આવી હતી સેકટરવાઈઝ નિર્માણ કરાયેલી આ દુકાનો પૈકી હાલ પણ મોટાભાગની ખાલી હાલતમાં જોવા મળે છે. ગાંધીનગર શહેરમાં રહેતા શ્રમિકો અને નાના વેપારીઓને રોજગારી પુરી પાડવા માટે ૫૨૭ દુકાનો બાંધવામાં આવી હતી. જયારે માઈક્રોશોપિંગ તરીકે ઓળખાતી આ દુકાનોની જાળવણીનુ કામ પણ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી કરવામાં આવે છે. જયારે આ દુકાનોની ફાળવણી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવે છે. દુકાનોના નિર્માણ બાદ અંદાજિત ૩૫૫ જેટલી દુકાનોની ફાળવણી કરવામાં આવી હતી. જયારે આ પૈકી ૧૭૨ દુકાનો હજુ પણ કબજાવિહાણી છે. અલબત્ત આ દુકાનો ફાળવણી કરાયા બાદ પણ લાભાર્થીઓએ કબજો લીધો ન હતો જયારે આજે પણ વર્ષોના અંતે આ દુકાનો બિન ઉપયોગી હાલતમાં હોવાથી ખંડેર બની ગઈ છે જેના લીધે અન્ય નાના વેપારીઓમાં રોષ પ્રવર્તાયો છે. આ મામલે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ સ્થળ તપાસ કરવામાં આવી હતી જે અંગે રીપોર્ટ પણ સુપ્રત કરી દેવાયો હતો પરંતુ હજુ સુધી કબજો ન લીધો હોય તેવી દુકાનોની સંખ્યા પણ વિશેષ છે ત્યારે બાકી રહેલી દુકાનોની ફાળવણી રદ કરીને આ દુકાનો અન્ય લાભાર્થીઓને

● અનુસંધાન પાન-૭ પર

## મેલેરિયાની ટીમોએ ત્રણ દિવસમાં ૨૪૬ તાવના દર્દીઓ શોધી કાઢ્યા

**૬૦૦ થી વધુ લોકોના લોહીના નમૂના મેળવી તપાસ માટે મોકલાયા : ૨૬૯ ઘરોમાં મચ્છરોના પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં મેલેરિયા તંત્રની ટીમોએ છેલ્લા ત્રણ દિવસમાં ૨૪૬ જેટલા તાવના કેસો શોધી કાઢ્યા છે. ગાંધીનગર શહેર હાલ રોગચાળામાં સપડાયેલુ છે.

મેલેરિયાતંત્ર દ્વારા ૧૮મી એપ્રિલથી બીજા તબક્કાના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્રણ દિવસના અંતે તંત્રની ટીમોએ ૨૪૬ જેટલા તાવના કેસ શોધી કાઢ્યા છે. તંત્રએ ૬૪૪ જેટલી વ્યક્તીઓના લોહીના નમૂના પણ મેળવી અને તપાસ માટે મોકલી આપ્યા છે.

**સર્વેલન્સમાં ૧૭,૨૮૦ ઘરને આવરી લેવામાં આવેલ છે. જેમાં ૨૨,૪૩૨ પાત્રોની ચકાસણી કરી હતી**

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે સર્વેલન્સમાં ૧૭,૨૮૦ ઘરને આવરી લેવામાં આવેલ છે. જેમાં ૨૨,૪૩૨ પાત્રોની ચકાસણી કરી હતી. ૨૬૯ ઘરોમાં મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરી હતી.

તંત્રની ટીમોએ ૪૬ જેટલી જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટોની પણ વિઝીટ કરી હતી અને વરસાદી પાણીનો યોગ્ય અને ઝડપથી નિકાલ થાય તેમજ મચ્છરોની ઉત્પત્તિ થાય નહિ તે માટે સંચાલકોને સમજ આપી તાકીદ કરી હતી.

તંત્ર દ્વારા આવતીકાલથી આ સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવશે. તંત્રના ૫૦૦ થી વધુ કર્મચારીઓ દ્વારા આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લેતા મોરેશિયસના પ્રધાનમંત્રી



ગાંધીનગર, તા. ૨૦

મહાત્મા મંદિરમાં આયોજિત આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદઘાટન અવસરે સહભાગી થયેલા મોરેશિયસના પ્રધાનમંત્રી ઉદઘાટન સમારોહ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળ્યા હતા અને આયુર્વેદ સહિતની પ્રાચિન ઉપચાર પદ્ધતિમાં ગુજરાતના યોગદાન અંગે વિચાર વિમર્શ પણ કર્યો હતો.

મોરેશિયસ દ્વારા ગિફટસટીમાં રોકાણો અંગે પણ આ બેઠકમાં ચર્ચા હાથ ધરાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરેશિયસના વડાપ્રધાને સરદાર સાહેબની વિશ્વની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું હતું.

મોરેશિયસના પ્રધાનમંત્રીએ પણ ગુજરાતના મુખ્યમંત્રીને પોતાના દેશ-મોરેશિયસના પ્રવાસે આવવાનું હાર્દિક નિમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજ કુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવ કુમાર ગુપ્તા તેમજ મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી વગેરે આ સૌજન્ય મુલાકાત બેઠકમાં જોડાયા હતા.

**પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. ચૌહાણ મહેન્દ્રસિંહ જુજારસિંહ**
ગામ-નાંદિસણ, તા. મોડાસા, જી. અરવલ્લી

જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા.
આપનો નિખાલસ અને મયાળુ સ્વભાવ
સદાય અમારા માટે માર્ગદર્શન બની રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે...

ગણપતસિંહ જુજારસિંહ ચૌહાણ (મોટાભાઈ)
સરકીટ હાઉસ, ગાંધીનગર

જયદિપસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ (પુત્ર) ગાંધીનગર
કાંતિભાઈ એ. પટેલ (પૂર્વ મેનેજર, STC, ગાંધીનગર)
વિનોદસિંહ સવનાથસિંહ ચૌહાણ (ભત્રીજા), ગાંધીનગર
રમેશભાઈ એસ. વાળંદ (પૂર્વ વ.ચા. કારકુન, STC, ગાંધીનગર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com